પેજ 3

અક્ષય કુમારના કાફલાનો મુંબઈમાં અકસ્માત: સુરક્ષા વાહન અને રિક્ષા વચ્ચે જોરદાર ટક્કર

લિવૂડ સુપરસ્ટાર અક્ષય કુમારના કાફલાની એક કારને મુંબઈમાં અકસ્માત નડ્યો છે. રિપોર્ટ્સ અનુસાર, અક્ષય કુમાર જ્યારે એક શૂટિંગ લોકેશન પર જઈ રહ્યા હતા, ત્યારે તેમના કાફલામાં સામેલ એક સુરક્ષા વાહન રસ્તા પર જઈ રહેલી રિક્ષા સાથે અથડાયું હતું.

સદનસીબે, આ ઘટનામાં અક્ષય કુમાર સંપૂર્ણપણે સુરક્ષિત છે અને તેમને કોઈ ઈજા થઈ નથી. જોકે, અકસ્માતને કારણે રિક્ષાને નુકસાન થયું હોવાના અહેવાલ છે. આ ઘટના બાદ સ્થળ પર લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

પાકિસ્તાની હાઈ-પ્રોફાઈલ લગ્નમાં ભારતીય ફેશનનો દબદબો



નવાઝ શરીફની પુત્રવધૂએ પહેર્યા સબ્યસાચી અને તરુણ તાહિલિયાનીના ડિઝાઇન વસ્ત્રો

નવી દિલ્હી, તા. 19: પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફના પૌત્ર જુનૈદ સફદર અને શાનઝે અલી રોહેલના હાઈ-પ્રોફાઈલ લગ્ન હાલ સોશિયલ મીડિયા પર ચર્ચામાં છે. આ લગ્નની સૌથી ખાસ વાત દુલ્હન શાનઝેની પસંદગી રહી છે, જેણે તેના લગ્નના વિવિધ પ્રસંગો માટે બે દિગ્ગજ ભારતીય ડિઝાઇનરોએ ડિઝાઇન કરેલા કપડાં પહેર્યા હતા.

અહેવાલો મુજબ, મેંહદીની વિધિ માટે શાનઝેએ સબ્યસાચી મુખર્જી દ્વારા ડિઝાઇન કરેલો નીલમ લીલા રંગનો લહેંગા પહેર્યો હતો, જેમાં એન્ટિક ગોલ્ડ એમ્બ્રોઇડરી અને પોલકી જ્વેલરી દ્વારા શાહી લુક આપવામાં આવ્યો હતો. જ્યારે નિકાહની વિધિ માટે તેણે પ્રખ્યાત ભારતીય ડિઝાઇનર તરુણ તાહિલિયાનીની કાશીદા સાડી પસંદ કરી હતી. આ સાડી સાથે લાલ દુપ્પટ્ટો અને હીરા-પન્નાના આભૂષણોએ આકર્ષણ જમાવ્યું હતું. આ જ પ્રકારની સાડી ગયા વર્ષે અનન્યા પાંડે દ્વારા પહેરવામાં આવી હતી. શાનઝે દ્વારા સરહદ પારની આ ફેશન પસંદગીએ સોશિયલ મીડિયા પર ચર્ચા જગાવી છે.

કપૂર પરિવારમાં મિલકત વિવાદ ઉગ્ર: પ્રિયા સચદેવે નણંદ મંધિરા કપૂર સામે કર્યો માનહાનિનો કેસ

મુંબઈ, તા. 19: બોલિવૂડ એક્ટ્રેસ કરિશ્મા કપૂરના એક્સ હસબન્ડ સંજય કપૂરના નિધન બાદથી જ તેમની પ્રોપર્ટીને લઈને વિવાદ છેડાયો છે. અત્યાર સુધી આ મામલો કરિશ્મા કપૂરના બાળકો અને પ્રિયા સચદેવ વચ્ચે હતો, પરંતુ હવે આ મામલામાં કરિશ્મા કપૂર અને સંજય કપૂરની બહેન મંધિરા કપૂર પણ ખેંચાતી જોવા મળી રહી છે. હાલમાં આ કેસે નવો વળાંક લીધો છે અને કહેવામાં આવી રહ્યું છે કે, પ્રિયા સચદેવે નણંદ મંધિરા કપૂર સ્મિથ વિરુદ્ધ ફોજદારી માનહાનિનો કેસ દાખલ કર્યો છે. બાર એન્ડ બેન્ચના જણાવ્યા અનુસાર, પ્રિયા સચદેવે એવી ફરિયાદ કરી છે કે, તેની નણંદ મંધિરા કપૂરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ યુટ્યુબ, ઇન્સ્ટાગ્રામ, એક્સ પર કેટલીક પોસ્ટ અને વીડિયો વાયરલ કર્યા હતા, જેમાં પ્રિયા સચદેવ પ્રત્યે નફરત અને સામાજિક બહિષ્કારનો ઈરાદો દેખાતો હતો.

સ્પેનમાં બે હાઈ-સ્પીડ ટ્રેનો વચ્ચે ભીષણ ટક્કર : 39નાં મોત

અકસ્માતમાં 159 લોકો ઈજાગ્રસ્ત થયા

માલાગાથી મેડ્રિડ જતી ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ હતી અને સામેથી આવતી અન્ય ટ્રેન સાથે અથડાઈ હતી

અધિકારીઓ મુજબ મૃત્યુઆંક વધવાની આશંકા

અદામુઝ (સ્પેન), તા. 19 (એપી): સ્પેનિશ પોલીસે સોમવારે જણાવ્યું હતું કે દેશના દક્ષિણ ભાગમાં રવિવારે રાત્રે થયેલી બે હાઈ-સ્પીડ ટ્રેનોની ટક્કરમાં ઓછામાં ઓછા 39 લોકોના મોતની પુષ્ટિ થઈ છે. અધિકારીઓ હજુ પણ મૃતદેહો બહાર કાઢવાના પ્રયાસો કરી રહ્યા છે અને મૃત્યુઆંક વધવાની આશંકા વ્યક્ત કરી રહ્યા છે. આ અકસ્માત રવિવારે રાત્રે 7.45 વાગ્યે થયો હતો જ્યારે માલાગાથી મેડ્રિડ જતી આશરે 300 મુસાફરો ભરેલી ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ હતી અને સામેથી આવતી અન્ય ટ્રેન સાથે અથડાઈ હતી. સ્પેનના પરિવહન મંત્રી ઓસ્કર પુએન્ટેના જણાવ્યા અનુસાર, બીજી ટ્રેન કે જે મેડ્રિડથી હુએલવા જઈ રહી હતી અને જેમાં 200 મુસાફરો સવાર હતા, તેના આગળના ભાગે ટક્કર લાગી હતી અને તે ટ્રેનને સૌથી વધુ અસર થઈ હતી. અથડામણ એટલી જોરદાર હતી કે ટ્રેનના પ્રથમ બે ડબ્બા પાટા પરથી ઉતરીને 4 મીટર નીચે ખાડામાં ખાબક્યા હતા. અંદાજે 159 લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમાંથી પાંચની હાલત ગંભીર છે અને 24 ગંભીર રીતે ઈજાગ્રસ્ત છે. બચાવ કામગીરીમાં જોડાયેલા ફાયર ફાઈટરો અને ઈમરજન્સી સેવાઓ હજુ પણ લોખંડના કાટમાળ વચ્ચે ફસાયેલા લોકોની શોધ કરી રહ્યા છે. પરિવહન મંત્રીએ આ અકસ્માતને 'વિચિત્ર' ગણાવી છે કારણ કે તે પાટાના સીધા અને સમતલ ભાગ પર બન્યો હતો. રેલવે ઓપરેટર અદિફના જણાવ્યા મુજબ, અકસ્માતના ચોક્કસ કારણની તપાસમાં હજુ એક મહિનો લાગી શકે છે. સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝે આ ઘટનાને દેશ માટે 'ઊંડા દુખની રાત' ગણાવી પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

ઈન્દૌરનો લખપતિ ભિખારી: 3 મકાન, 3 ઓટોરિક્ષા અને એક કારનો માલિક

તે 2021થી ભીખ માગે છે અને અત્યાર સુધીમાં સરાફા બજારમાં 4-5 લાખ રૂપિયા વ્યાજે આપ્યા છે

રક્તપિત્તને કારણે આંગળીઓ અને પગમાં ગંભીર નુકસાન થતા તેણે ભીખ માગવાનું શરૂ કર્યું

ઈન્દૌર, તા. 19 (પીટીઆઈ): ત્રણ મકાન, ત્રણ ઓટોરિક્ષા અને ડ્રાઇવર સાથેની કાર. કોઈને પણ એમ લાગે કે આ મિલકત ઈન્દૌરના સરાફા બજારના કોઈ ઝવેરીની હશે, પરંતુ આ માલિકી એક રક્તપિત્તથી (ગળતો કોઢ) પીડાતા વ્યક્તિની છે, જે સરાફા બજારમાં વ્હીલ બોર્ડ પર ફરીને ભીખ માંગે છે અને તે જ બજારમાં લાખો રૂપિયા વ્યાજે આપે છે. હાલમાં ઈન્દૌરમાં ભિખારી મુક્ત અભિયાન દરમિયાન અધિકારીઓ ત્યારે સ્તબ્ધ થઈ ગયા જ્યારે તેમને જાણવા મળ્યું કે 50 વર્ષીય ભિખારીએ ભીખ માગીને લાખોની સંપત્તિ ભેગી કરી છે. મહિલા અને બાળ વિકાસ વિભાગના નોડલ ઓફિસર દિનેશ મિશ્રાએ જણાવ્યું હતું કે, આ વ્યક્તિ ત્રણ પાકા મકાનો ધરાવે છે, જેમાં એક ત્રણ માળની ઈમારત પણ સામેલ છે. તેની પાસે ત્રણ રિક્ષા છે જે તે ભાડે આપે છે અને તે ભીખ માગવા માટે જે કારનો ઉપયોગ કરે છે તેના માટે તેણે ખાસ ડ્રાઇવર પણ રાખ્યો છે. તે 2021થી ભીખ માંગે છે અને અત્યાર સુધીમાં સરાફા બજારમાં 4-5 લાખ રૂપિયા વ્યાજે આપ્યા છે, જેનાથી તેને દરરોજ 1000થી 1200 રૂપિયા વ્યાજ મળે છે. આ ઉપરાંત, ભીખ દ્વારા તેને દરરોજ 400થી 500 રૂપિયાની વધારાની આવક થાય છે.

જૂની કરવ્યવસ્થા નાબૂદ થશે?: બજેટ પહેલા ચર્ચાતો સવાલ

વધુને વધુ કરદાતાઓ નવી વ્યવસ્થા તરફ વળી રહ્યા છે, જો કે કેટલાક નિષ્ણાતોના મતે જૂની કર વ્યવસ્થા નાબૂદ કરવાનું સરળ નથી

દંપતિ સંયુક્ત રિટર્ન ફાઇલ કરી શકે તેવી જોગવાઇ રજૂ થવાની વકી

નવી દિલ્હી, તા. ૧૯: બજેટ 2026 નજીક આવી રહ્યું છે ત્યારે કરદાતાઓ વચ્ચે એક પ્રશ્ન સતત ચર્ચાઈ રહ્યો છે: શું સરકાર આખરે જૂની ટેક્સ વ્યવસ્થા (Old Tax Regime) નાબૂદ કરશે? નવી ટેક્સ વ્યવસ્થા હવે 'ડિફોલ્ટ' વિકલ્પ બની ગઈ છે અને ક્રમિક બજેટ દ્વારા તેને વધુ આકર્ષક બનાવવામાં આવી રહી છે, જેના કારણે જૂની વ્યવસ્થાના ભવિષ્ય અંગેની ચર્ચાઓ તેજ બની છે. નવી ટેક્સ વ્યવસ્થામાં ટેક્સના દર ઓછા છે, પાલન કરવું સરળ છે અને મુક્તિઓ ઓછી છે. સમય જતાં, તેને ભારતના વિકસતા ટેક્સ બેઝ માટે પસંદગીની વ્યવસ્થા તરીકે રજૂ કરવામાં આવી છે. તેમ છતાં, જૂની ટેક્સ વ્યવસ્થા હજુ પણ કરદાતાઓના એક નોંધપાત્ર વર્ગ દ્વારા પસંદ કરવામાં આવે છે. ડેલોઇટ ઇન્ડિયાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર નીતિન બાજલે જણાવ્યું હતું કે, હજી પણ લગભગ 28 થી 29 ટકા જેટલો મોટો હિસ્સો એવો છે જેઓ જૂની વ્યવસ્થા હેઠળ રોકાણ કરી રહ્યા છે. આ આંકડો દર્શાવે છે કે મોટાભાગના કરદાતાઓ સરળતા માટે નવી વ્યવસ્થા તરફ વળી રહ્યા હોવા છતાં, એક નોંધપાત્ર લઘુમતી વર્ગ હજુ પણ જૂના માળખા હેઠળ ટેક્સની બચત કરી રહ્યો છે.

ચીનની વસ્તીમાં સતત ચોથા વર્ષે ઘટાડો

1961 પછીનો સૌથી મોટો ઘટાડો

જન્મદર વધારવાના સરકારી પ્રયાસો નિષ્ફળ જઈ રહ્યા છે

વર્ષ 2025માં કુલ વસ્તી 1.404 અબજ રહી હતી, જે પાછલા વર્ષ કરતા 30 લાખ ઓછી છે

બાળક ઉછેરવાનો ખર્ચ પણ એક કારણ

વર્ષ 2025માં માત્ર 79.2 લાખ બાળકોનો જન્મ થયો હતો, જે 2024ના 95.4 લાખની સરખામણીએ 17 ટકાનો ઘટાડો દર્શાવે છે. બીજી તરફ, ગત વર્ષે મૃત્યુઆંક 1.13 કરોડ રહ્યો હતો, જે છેલ્લા પાંચ દાયકાનો સૌથી ઊંચો આંક છે. મોટાભાગના પરિવારો અત્યંત સ્પર્ધાત્મક સમાજમાં બાળક ઉછેરવાનો ખર્ચ અને દબાણને મુખ્ય અવરોધ ગણાવે છે. વધુમાં, ગયા વર્ષે ચીની રાશિ મુજબ 'સાપનું વર્ષ' હતું, જેને સંતાન પ્રાપ્તિ માટે ઓછું અનુકૂળ માનવામાં આવે છે.

ચીનના અર્થતંત્ર પર સીધી અસર

ચીનમાં પ્રજનન દર ઘટીને અંદાજે 1 પર પહોંચ્યો છે, જે વસ્તી જાળવી રાખવા માટે જરૂરી 2.1 ના દર કરતા ઘણો ઓછો છે. ચીનમાં હવે 60 વર્ષથી વધુ ઉંમરના લોકોની સંખ્યા 31 કરોડને પાર કરી ગઈ છે, જે 2035 સુધીમાં 40 કરોડથી વધી જવાની ધારણા છે. કાર્યકારી વસ્તી ઘટવાથી અર્થતંત્ર પર મોટું જોખમ ઉભું થયું છે. વર્ષ 2024માં લગ્ન દરમાં પણ 20 ટકાનો મોટો ઘટાડો નોંધાયો હતો, જોકે 2025ના પ્રથમ નવ મહિનામાં લગ્ન નોંધણીમાં 8.5 ટકાનો સાધારણ ઉછાળો જોવા મળ્યો છે. આ સ્થિતિને પહોંચી વળવા સરકાર રાષ્ટ્રીય ચાઇલ્ડ કેર સબસિડી હેઠળ વાર્ષિક 10,800 યુઆન (1,534 ડોલર) સુધીની સહાય અને કોન્ડોમ પર ટેક્સ જેવા કડક પગલાં ભરી રહી છે.

બેંગકોક, તા. 19 (એપી-પીટીઆઈ): પેઢીઓ સુધી પરિવારોને માત્ર એક બાળક સુધી મર્યાદિત રાખ્યા બાદ, હવે વસ્તીને વધુ બાળકો પેદા કરવા માટે કેવી રીતે પ્રોત્સાહિત કરવી? ચીનની વિવાદાસ્પદ 'વન ચાઇલ્ડ પોલિસી'ના અંતના એક દાયકા પછી, સત્તાવાળાઓ રોકડ સબસિડીથી લઈને કોન્ડોમ પર ટેક્સ લાદવા અને મેચમેકિંગ તથા ડે-કેર સેન્ટરો પરના ટેક્સ નાબૂદ કરવા જેવા અનેક વિચારો અને નીતિઓ અમલમાં મૂકી રહ્યા છે. જોકે, આ પ્રયાસો હજુ સફળ થયા હોય તેમ જણાતું નથી. નેશનલ બ્યુરો ઓફ સ્ટેટિસ્ટિક્સ (એનબીએસ) દ્વારા સોમવારે જાહેર કરાયેલા આંકડા દર્શાવે છે કે ચીનની વસ્તીમાં સતત ચોથા વર્ષે ઘટાડો થયો છે.

વર્ષ 2025માં ચીનની કુલ વસ્તી 1.4049 અબજ રહી હતી, જે પાછલા વર્ષ કરતા 3.39 મિલિયન (આશરે 34 લાખ) ઓછી છે. 1959-1961ના ભયાનક દુષ્કાળ પછી આ વસ્તીમાં થયેલો સૌથી મોટો વાર્ષિક ઘટાડો છે. વર્ષ 2025માં જન્મદર 1,000 લોકો દીઠ 5.63 ટકા નોંધાયો છે, જે વર્ષ 1949 પછીનો સૌથી નીચો રેકોર્ડ છે. ચીન લાંબા સમય સુધી વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ હતો, પરંતુ 2023માં ભારત તેનાથી આગળ નીકળી ગયું હતું. સંયુક્ત રાષ્ટ્રના અંદાજ મુજબ, જો આ ટ્રેન્ડ ચાલુ રહેશે તો 2100 સુધીમાં ચીનની વસ્તી ઘટીને માત્ર 63.3 કરોડ રહી જશે.

મુલાયમ પરિવારમાં ભડકો: પ્રતીક યાદવ પત્ની અપર્ણાથી લેશે છૂટાછેડા

અપર્ણા સાથે લગ્ન કરવા પડ્યા એ મારું દુર્ભાગ્ય હતું: પ્રતીક યાદવ

લખનઉ, તા. ૧૯ (પીટીઆઈ) : સમાજવાદી પાર્ટીના સ્થાપક મુલાયમ સિંહ યાદવના પુત્ર પ્રતીક યાદવે સોમવારે આક્ષેપ કર્યો હતો કે, તેમની પત્ની અપર્ણા બિષ્ટ યાદવ, જેઓ ભાજપના નેતા છે, તેમણે તેમના પારિવારિક સંબંધો બગાડ્યા છે અને તેઓ વહેલી તકે છૂટાછેડા લેશે.

અપર્ણા યાદવ હાલમાં ઉત્તર પ્રદેશ રાજ્ય મહિલા આયોગના ઉપાધ્યક્ષ છે. પોતાના વેરિફાઇડ ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક લાંબી પોસ્ટમાં પ્રતીક યાદવે અપર્ણા યાદવને 'પરિવારને તોડનાર' ગણાવી હતી અને તેમના પર સ્વાર્થી હોવાનો તેમજ ખ્યાતિ મેળવવાની ઘેલછા ધરાવતી હોવાનો આરોપ લગાવ્યો હતો. પ્રતીક યાદવે લખ્યું હતું કે, ''હું આ સ્વાર્થી મહિલાને વહેલીમાં વહેલી તકે છૂટાછેડા આપવા જઈ રહ્યો છું. તેણે મારા પારિવારિક સંબંધો બગાડ્યા છે. તે ફક્ત પ્રખ્યાત અને પ્રભાવશાળી બનવા માંગે છે. અત્યારે હું ખૂબ જ ખરાબ માનસિક સ્થિતિમાં છું અને એનાથી તેને કોઈ ફરક પડતો નથી. કારણ કે, તે ફક્ત પોતાની જ ચિંતા કરે છે.

રાષ્ટ્રપતિ ભવનની 'એટ હોમ' કિટમાં પૂર્વોત્તરનો સાંસ્કૃતિક વારસો

અષ્ટલક્ષ્મીની ઓળખ: 350 કારીગરો અને NID અમદાવાદની મહેનતથી તૈયાર થઈ અનોખી ઇન્વિટેશન કિટ

નવી દિલ્હી, તા. 19: ભારત જ્યારે તેના 77મા ગણતંત્ર દિવસની ઉજવણીની તૈયારી કરી રહ્યું છે, ત્યારે આ વર્ષનો ઉત્સવ પૂર્વોત્તર ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસતને વૈશ્વિક મંચ પર ગૌરવ અપાવશે. રાષ્ટ્રપતિ ભવન દ્વારા 26 જાન્યુઆરી 2026ના રોજ આયોજિત પ્રતિષ્ઠિત 'એટ હોમ' રિસેપ્શન માટે એક વિશિષ્ટ ઇન્વિટેશન કિટ જાહેર કરવામાં આવી છે. આ કિટ પૂર્વોત્તરના આઠ રાજ્યો–અરુણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ અને ત્રિપુરાની પરંપરાગત હસ્તકલા અને સંસ્કૃતિનું અદભૂત પ્રદર્શન કરે છે.

અહેવાલો મુજબ, આ ઇન્વિટેશન કિટ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇન (એનઆઈડી), અમદાવાદ દ્વારા પૂર્વોત્તરના રાજ્યોના શિલ્પીઓની મદદથી તૈયાર કરવામાં આવી છે. ડો. અશોક મંડલના નેતૃત્વમાં એનઆઈડીની ટીમે સપ્ટેમ્બર 2025થી આ ક્ષેત્રોનો પ્રવાસ કર્યો હતો. ત્યારબાદ 3500થી વધુ કુશળ કારીગરોએ ડિઝાઇનરો અને વિદ્યાર્થીઓ સાથે મળીને આ માસ્ટરપીસ તૈયાર કર્યું છે. આ કિટ માત્ર નિમંત્રણ નથી, પરંતુ પૂર્વોત્તરની ટકાઉ જીવનશૈલી અને આદિવાસી વારસાનો એક જીવંત દસ્તાવેજ છે.

આ કિટની વિશેષતાઓ પર નજર કરીએ તો, તેનું બહારનું બોક્સ ત્રિપુરાની 'વાંસ વણાટ' ટેકનિકથી બનેલું છે. એડ્રેસ ટેગ પર મેઘાલયના 'સ્મોક્ડ' વાંસના આભૂષણો છે, જ્યારે કવર પર પરંપરાગત આસામી હસ્તપ્રત ચિત્રો કંડારવામાં આવ્યા છે. મણિપુરની પ્રખ્યાત 'બ્લેક પોટરી' અને સિક્કિમના 'લેપ્ચા' કાપડનો પણ તેમાં સમાવેશ કરાયો છે. આ કિટની સૌથી મોટી ખાસિયત અષ્ટકોણીય વાંસની વણાટમાંથી બનાવેલ 'વોલ-હેંગિંગ સ્ક્રોલ' છે, જે પરંપરાગત 'લોઈન લૂમ' (કમર કરઘા) શૈલી પર આધારિત છે. તેને પૂર્વોત્તરની મહિલાઓ પેઢીઓથી ઉપયોગ કરતી આવી છે.

જાહેર નોટીસ

મોજે: **ઘામણ**, તા. જી. નવસારીની સીમમાં આવેલ **બ્લોક/સર્વે નં. જુનો-૫૭, નવો-૬૨**, ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. **૦-૭૨-૫૭, આકાર રૂા. ૮.૨૫ પૈસા** વાળી જુની શરતની ખેતીની જમીનના માલીક **ઈન્દુબેન મગનભાઈ પટેલ તે નવનીતભાઈ પટેલની પત્નીની** માલીકીની તથા કબજા ભોગવટાવાળી જમીન ચાલી આવેલ હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી ઉપરોક્ત જમીનમાં અન્ય કોઈના કાંઈપણ પ્રકારના લાગભાગ, દરદાવો, હકક, હિસ્સો, હિત, સંબંધ, ગણોત હકક, દરમેલ હકક, ખાધાખોરાકી યા લીયનનાં હકકો યા ઈઝમેન્ટનાં હકકો યા બેંક, મંડળી, સંસ્થા, રાજય સરકારનાં કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય યા વેચાણ વિરૂદ્ધ વાંધો હોય તો તેમણે આધારભુત લેખીત પુરાવા સહિત આ નોટીશ પ્રસિધ્ધિ થયેથી દિન-૭ માં હમોને લેખીતમાં જાણ કરવી. જો મજકુર મુદ્દતમાં તેવા કોઈ હકક, વાંધા રજુ થશે નહીં તો કોઈના હકક, દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે યાને વેવ કર્યા છે, તેવું માની હમારા અસીલ સદરહું જમીનનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં મિલકતનાં ટાઈટલ અંગે કોઈની કાંઈપણ તર-તકરાર તથા વાંધા-વચકા ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

મારી સુચનાથી, અસીલની સુચના અને ફરમાઈશથી,
તા. ૦૪-૧૦-૨૦૨૫ **હિમાંશુ એસ. ખોજા** (એડવોકેટ)

૬, વ્હાઈટ હાઉસ એપાર્ટમેન્ટ, કલેકટર ઓફીસ નજીક, કાલિયાવાડી, તા. જી. નવસારી-૩૯૬૪૪૫. મો. 9909089802

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી જમીનનાં સ્વતંત્ર માલીક મુખ્તયાર અને કબજેદાર (૧) મહમદ અહમદ ખંડ, (૨) ઈબ્રાહીમ અહમદ ખંડ, (૩) બશીર ઐયુબ પટેલ, (૪) ઈમ્તીયાઝ ઐયુબ પટેલ, (૫) સોફીયા ઐયુબ પટેલ તે મહમદ નાનાની પત્ની, (૬) ઝકરીયા ઐયુબ પટેલ, (૭) ઈલ્યાસ ઈસ્માઈલ ખંડ તથા (૮) અમીના ઈસ્માઈલ ખંડ તે મહમદ ખંડની પત્ની ચાલી આવેલા છે તેવું જણાવી મજકુરનાએ નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી જમીન હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને હમારા અસીલ ટુંક સમયમાં પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેવાના છે. સદરહું જમીન બાબતે કોઈનો પણ કોઈપણ પ્રકારનો હકક હિસ્સો હિત સંબંધ દર દાવો કે કબજો હોય કે કોઈને કોઈપણ પ્રકારના વાંધા વિરોધ અવરોધ કે અટકાયત હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમોને લેખીતમાં પુરાવા સહીત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો મુદત વિત્યેથી કોઈનો પણ કોઈપણ પ્રકારનો લાગભાગ હકક હિસ્સો નથી અથવા છોડી દીધો છે તેવું માની હમારા અસીલ સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ કરી લેશે ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા વિરોધ અવરોધ કે અટકાયત ચાલશે નહી તેની આથી જાહેર નોંધ લેવી.

-: જમીનની વિગત :-

સુરત ડીસ્ટ્રીકટ પલસાણા સબ ડીસ્ટ્રીક્ટના મોજે ગામ: પલસાણાના રે.સ.નં. ૫૬૭, બ્લોક નં. ૫૭૯, થી નોંધાયેલી જમીન જેનું ક્ષેત્રફળ ૮૩૬૭.૦૦ ચો.મી. જમીન પૈકી વણ-વહેંચાયેલા હિસ્સાની ૨૦૬૯.૨૫ ચો.મી. વાળી જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકક હિસ્સા સહિતની જમીન દરોબસ્ત.

ઠે. : ૪, ગ્રાઉન્ડ ફ્લોર, કય હાઉસ, કય ગાર્ડન રોડ, સૈફી બિલ્ડીંગની પાછળ, પોપટ મોહલ્લો, નાનપુરા, સુરત. **અજય એન. પટણી** એડવોકેટ એન્ડ નોટરી